# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-02-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## દિલ્હી ચુંટણી પરિણામ:

ભારતીય જનતા પાર્ટીએ આમ આદમી પાર્ટીને હરાવીને 27 વર્ષ પછી દિલ્હીમાં સત્તામાં પાછી આવી છે. 70 સભ્યોની વિધાનસભામાં ભાજપે 48 બેઠકો જીતી છે. આમ આદમી પાર્ટીએ 22 બેઠકો જીતી છે જ્યારે કોંગ્રેસ સતત ત્રીજી વખત દિલ્હીમાં જીતનું ખાતું ખોલવામાં નિષ્ફળ રહી છે.

આમ આદમી પાર્ટીના લગભગ તમામ અગ્રણી નેતાઓએ ચૂંટણીમાં હાર ખમવી પડી છે. આમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા, સત્યેન્દ્ર જૈન, સોમનાથ ભારતી, સૌરભ ભારદ્વાજ અને દુર્ગેશ પાઠકનો સમાવેશ થાય છે. પાર્ટીના વિજેતા ઉમેદવારોમાં કાલકાજીથી મુખ્યમંત્રી આતિશી, સદર બજારથી સોમ દત્ત, બાબરપુરથી ગોપાલ રાય, દિલ્હી કેન્ટથી વીરેન્દ્ર સિંહ કાદિયન, તિલક નગર બેઠક પરથી જરનૈલ સિંહ, બલ્લીમારનથી ઇમરાન હુસૈન અને તુગલકાબાદથી સાહી રામનો સમાવેશ થાય છે. કોંગ્રેસના સંદીપ દીક્ષિત, ભાજપના રમેશ બિધુરી અને રાજ કુમાર આનંદને પણ હારનો સામનો કરવો પડ્યો. ઉત્તર પ્રદેશના મિલ્કીપુરમાં વિધાનસભા પેટાચૂંટણીમાં ભાજપના ચંદ્રભાનુ પાસવાનને 61 હજાર સાતસોથી વધુ મત મળ્યા અને તમિલનાડુના ઇરોડ-પૂર્વમાં ડીએમકેને 500થી વધુ મત મળ્યા. કે ચંદિર કુમાર વી.સી.એ ૧ લાખ ૧૫ હજાર ૭૦૦થી વધુ મતોથી જીત મેળવી છે.

------------------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી-કાર્યકરોને અભિનંદન:

દિલ્હી વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો બાદ પક્ષનાં દિલ્હી ખાતેનાં વડામથકે કાર્યકરોને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પાટનગર દિલ્હીને વિકાસની નવી ઉંચાઈએ લઈ જવાં ભાજપમાં તેમણે દર્શાવેલા વિશ્વાસ માટે દિલ્હીનાં નાગરિકોનો આભાર માન્યો હતો.

ભાજપનાં વરિષ્ઠ નેતા અને ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, અસત્ય વચનો દ્વારા તેમણે ગેરમાર્ગે દોરી શકાય નહીં તેવું દિલ્હીનાં નાગરીકોએ આ ચૂંટણીમાં બતાવી દિધું છે. તેમણે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનાં ભવ્ય વિજય માટે કાર્યકરોને અભિનંદન આપ્યાં હતાં.

---

## પ્રધાનમંત્રીશ્રી મોદી-ફ્રાન્સ યાત્રા:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારથી ત્રણ દિવસ ફ્રાન્સના પ્રવાસે જશે. દરમિયાન શ્રી મોદી ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોં સાથે પેરિસમાં કૃત્રિમ બુદ્ધિમત્તા-A.I. સમિટની સહ-અધ્યક્ષતા કરશે.**

**વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ગઇકાલે નવી દિલ્હીમાં આ અંગે માહિતી આપી. તેમણે કહ્યું, પ્રધાનમંત્રી આ મહિનાની 12 અને 13 તારીખે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ સાથે દ્વિપક્ષી બેઠક કરવા અમેરિકાની પણ પ્રવાસે જશે.**

---

## વેવ્ઝ –કોન્ફરન્સ:

**માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે પ્રથમ વૈશ્વિક ઑડિયો-વિઝ્યુઅલ મનોરંજન પરિષદ - વેવ્ઝ ભારતને સામગ્રી નિર્માણ માટે વૈશ્વિક કેન્દ્ર બનાવવામાં મદદ કરશે. ગઈકાલે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં તેમણે કહ્યું કે ભારત સર્જનાત્મકતાના સંદર્ભમાં વિશ્વનું પાવરહાઉસ બનવાનો પાયો નાખી રહ્યું છે. તેમણે એ પણ માહિતી આપી હતી કે વિશ્વના પ્રખ્યાત મીડિયા સંગઠનોના મુખ્ય કાર્યકારી અધિકારીઓ અને અન્ય અગ્રણી હસ્તીઓ આ પરિષદમાં હાજરી આપશે. શુક્રવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વેવ્ઝના સલાહકાર બોર્ડની બેઠક યોજી હતી.  આ વર્ષે પહેલી વેવ્ઝ કોન્ફરન્સ ૧ મે થી ૪ મે દરમિયાન મુંબઈમાં યોજાશે.**

---

## મિલેટ મહોત્સવ:

**ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની સાત મહાનગરપાલિકાઓમાં ગઇકાલે બે દિવસનાં 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ખેડૂત બજાર 2025'નો અમદાવાદ ખાતેથી આરંભ કરાવ્યો હતો. તેમણે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના ફાયદાઓ તથા મહત્વ સમજાવીને રાસાયણિક ખેતી છોડીને ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડના અમદાવાદ જિલ્લાના ત્રણ અને જામનગર જિલ્લાના એક ગોડાઉન કોમ્પલેક્ષનું ઈ - લોકાર્પણ પણ કર્યું હતું.**

**------------------------------------------------------------------------------------------------**

## જિલ્લા-સ્વરાજ્ય ચુંટણી પ્રચાર:

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી આડે હવે માત્ર એક સપ્તાહનો સમય બાકી છે ત્યારે ચૂંટણી તંત્ર ચૂંટણી આયોજન સુપેરે પર પાડવા વ્યસ્ત રહ્યું છે. તો રાજકીય પક્ષો વ્યુહ રચના ઘડી રહ્યુ છે. કચ્છમાં ભચાઉ અને રાપર નગર પાલિકાઓની ચૂંટણી માટે બે મુખ્ય પક્ષો ભાજપ અને કોંગ્રેસ દ્વારા પ્રચાર કાર્યાલયો શરૂ થયા છે. લોક સંપર્ક પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. ત્રણ તાલુકા પંચાયતોની એક એક બેઠકની પેટા ચૂંટણી માટે પ્રચાર ચાલી રહ્યો છે.

**------------------------------------------------------------------------------------------------**

## હવામાન:

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર નહીં થવાની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી 7 દિવસ વાતાવરણ સૂકું રહેશે. છેલ્લાં 24 કલાકમાં રાજ્યમાં સૌથી ઓછું 8.1 ડિગ્રી સેલ્સિયસ તાપમાન ડાંગમાં નોંધાયું હતું. નલિયામાં 11 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

**------------------------------------------------------------------------------------------------**